કોઈપણ કિંમત પર સમાચાર

PRGI : GJGUJ/25/A4373

# સાબર રીપોર્ટર ન્યુઝપેપર

WEEKLY સાપ્તાહિક GUJARATI

તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

રજિસ્ટર્ડ સરનામુ 892, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા , તા.ઈડર, જી.સાબરકાંઠા -383430 મો.98986 93985 E MAIL : badshahpathan@gmail.com

તા. 09/03/2026 | અંક નં.: 10 | પાના: 4 | વર્ષ: 1 | કિંમત: ₹2 | વાર્ષિક: ₹100 | Date: 09/03/2026 | Issue No.: 10 | Page: 4 | Year: 1 | Price: ₹2 | Yearly: ₹100

## ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી અન્વયે સાબરકાંઠામાં મતદાન કરાયું : ૯ માર્ચે મતગણતરી ચૂંટણીમાં રાજ્યમાંથી ૯૯ ઉમેદવારો વચ્ચે જંગ



બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના હોદ્દેદારોની ચૂંટણી શુક્રવારે યોજાઈ છે ત્યારે તેના ભાગરૂપે સાબરકાંઠાના પાંચ મતદાન મથકો પર જિલ્લાના અંદાજે ૧૫૦૦ વકિલો(મતદારો)એ મતદાન કર્યું હતુ. જેની ગણતરી આગામી તા. ૯ માર્ચના રોજ અમદાવાદ ખાતે થશે. સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં બાર કાઉન્સિલની ચૂંટણી તા. ૩૧ માર્ચ પહેલા પૂર્ણ કરવા માટે આદેશ આપ્યા હતા. જેના ભાગરૂપે ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરાયો હતો. જેમાં તા. ૬ માર્ચના રોજ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેના ભાગરૂપે શુક્રવારે સાબરકાંઠાના પાંચ સેન્ટરો પર થયું હતુ. ૨૩ બેઠકો માટે ૯૯ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે જેના માટે સાબરકાંઠા જિલ્લાના ૧૫૦૦ ધારાશાસ્ત્રીઓ પૈકી મોટાભાગના મતદારોએ પ્રેફરન્સ મત આપી મતદાન કર્યું હતુ.બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ૨૩ બેઠક માટે ૯૯ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે જેમાં ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં વકીલોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર અને ખેડબ્રહ્મા ખાતે મતદાન મથક બનાવવામાં આવ્યા હતા. જ્યાં સ્થાનિક ધારાશાસ્ત્રીઓ મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો હતો. મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મત પેટી સીલ કરી ગુજરાત હાઈકોર્ટ ખાતે મોકલવાની તજવીજ કરાઈ હતી. જેની મતગણતરી આગામી ૯ તારીખના રોજ થશે જ્યાં મતગણતરી પૂર્ણ થયા બાદ પરિણામ જાહેર થશે.

**********************************

**********************************

## ઈડરમાંથી સામે આવ્યો આશ્ચર્ય જનક કિસ્સો



ઈડરમાંથી સામે આવ્યો આશ્ચર્ય જનક કિસ્સો ઈડરના લાલોડામાં હડકાયા શ્વાને ભેંસને ભર્યું બચકું ભેંસમાં પણ હડકવાના લક્ષણો જોવા મળ્યા અને પછી તેનું મોત થયું ભેંસ નું દૂધ પીનારા લોકો પહોંચ્યા રસી લેવા ભેંસ ને હડકવા લાગ્યો અને દૂધ પીનારા પહોચ્યા સિવિલ હોસ્પિટલ સિવિલ હોસ્પિટલમાં ૧૫ કરતાં વધુ લોકોએ હડકવાના ઈન્જેક્શન લેવા પડ્યા ગામમાં જે લોકો તે ભેંસનું દૂધ પીતા હતા, તેઓમાં ભય ફેલાયો ડોક્ટરોએ તેમને હડકવાના ઈન્જેક્શન આપીને સારવાર શરૂ કરી

## સાબરકાંઠાની કોર્ટોમાં નેગોશીએબલ ઈન્સુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ મુજબના કેસોમાં ઓન-લાઈન પેમેન્ટ અંગેની ફેસીલીટી ઉપલબ્ધ કરાશે

સાબરકાંઠા જીલ્લામાં ગુજરાત હાઈકોર્ટના જણાવ્યા મુજબ સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાની ફોજદારી અપીલ નં.૧૭૫૫/૨૦૧૦ ના તા.૨૫/૦૯/૨૦૨૫ ના હુકમમાં દર્શાવેલ પેર-૩૬(સી) માં જણાવ્યા મુજબ જ્યારે ધી નેગોશીએબલ ઈન્સુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો ગુન્હો કોઈ પક્ષકાર ઉપર થયો હોય ત્યારે જો પક્ષકાર-આરોપી ચેકની રકમ પ્રારંભિક તબક્કે જ ઓન-લાઇન જમા કરાવી શકે તે હેતુ થી સુરક્ષિત ક્યુઆર કોડ, યુપીઆઈની સુવિધા જિલ્લાની તમામ કોર્ટોમાં ઉપલબ્ધ કરવામાં આવી છે. આ સુવિધાથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ હેઠળ કેસોના ઝડપી સમાધાનને સરળ બનાવવા માટે દરેક જિલ્લા કોર્ટના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ સુરક્ષિત ક્યુઆર કોડ અથવા યુપીઆઈ લિંક્સ દ્વારા સમર્પિત ઓનલાઈન ચુકવણી સુવિધાઓ બનાવશે અને કાર્યરત કરાશે.ધી નેગોશીએબલ ઈન્સુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ ના કેસના સમન્સમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવશે કે સામાવાળા/આરોપીને પ્રારંભિક તબક્કે જ ચેકની રકમની ચુકવણી કરવાનો વિકલ્પ રહેશે અને ફરિયાદીને આવી ચુકવણીની પણ જાણ કરવામાં આવશે અને પ્રાપ્તિની પુષ્ટિ થયા પછી, ધી નેગોશીએબલ ઈન્સુમેન્ટ એક્ટ ની કલમ-૧૪૭ અથવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૫૫ હેઠળ આવા નાણાં છોડવા અને કાર્યવાહીને ચક્રવૃદ્ધિ/બંધ કરવા અંગે યોગ્ય આદેશો કોર્ટ દ્વારા કાયદા અનુસાર પસાર કરી શકાય છે. આ પગલું પ્રારંભીક સ્ટેજ પર સમાધાનને પ્રોત્સાહન આપશે અને/અથવા કેસોના ઝડપી નિકાલની ખાતરી કરશે. જો કોઈ પક્ષકાર-આરોપી ઉપર ધી નેગોશીએબલ ઈન્સુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ નો ગુન્હો નોંધાયેલ હોય તેવા કિસ્સામાં તે પક્ષકાર-આરોપી ઉપર ચેક રિટર્ન ની ફરિયાદ દાખલ થયેલ છે તેમાં જે ચેક ની રકમ અત્રેની જિલ્લા અદાલતના બેન્ક ખાતાના સુરક્ષિત ક્યુઆર કોડ અને યુપીઆઈ લીંકમાં જમા કરાવી તેના કેસની આગળની કાર્યવાહી નો સમાધાનથી અંત લાવી શકે છે.

## સાબરકાંઠા જિલ્લામાં ૧૪મી માર્ચ ના રોજ ૨૦૨૬ની પ્રથમ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

સાબરકાંઠા જીલ્લામાં તા.૧૪મી માર્ચ નારોજ વર્ષ-૨૦૨૬ ની પ્રથમ રાષ્ટ્રીય લોક અદાલત રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તથા રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના આદેશાનુસાર જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગરના અધ્યક્ષ અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ કે.આર.રબારીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ સચિવ સી.પી.ચારણનાઓ દ્વારા સાબરકાંઠા જીલ્લાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત નું આયોજન કરેલ છે.જેમાં ફોજદારી, ચેક રિટર્ન, બેંક લેણાં, ગેસ બિલ, મોટર અકસ્માત, લગ્ન વિષયક સહિતના કેસો મૂકી શકાશે. સાબરકાંઠા જીલ્લા માં વિવિધ જગ્યાએ લાગેલા સીસીટીવી કેમેરામાં ટ્રાફિકના નિયમોના ભંગ કરનાર અનેક લોકો દંડ ભરતા નથી. ત્યારે આવા કેસો પણ લોક અદાલતમાં મુકવામાં આવનાર છે.લોક અદાલતમાં કેસોનો નિકાલ તે બંને પક્ષકારોને લાભકર્તા છે. બંને પક્ષના સમાધાનથી કેસોનો નિકાલ થાય છે.લોક અદાલતમાં કોઈની હાર નહીં અને કોઈનો પરાજય નહીં તેવી સ્થિતિ ઉદભવે છે. બંને પક્ષકારો વચ્ચે કોઈ વૈમનસ્ય રેહતું નથી અને સુમેળભર્યા સંબધો સચવાઈ રહે છે. આથી વધુમાં વધુ પક્ષકારોએ પોતાના કેસો લોક અદાલતમાં મૂકી તેનો મહતમ લાભ લેવાં જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સાબરકાંઠાની એક અખબારી યાદીમાં જણાવાયું છે

**ફોજદારી, ચેક રિટર્ન, બેંક લેણાં, ગેસ બિલ, મોટર**

## હિંમતનગર શહેરના ટાવર રોડ પર પાણી ભરાવાની સમસ્યા સામે આવી





હિમતનગર નગરપાલિકાની કામગીરી નબળી હોવાના આક્ષેપો વચ્ચે રસ્તા પર પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો નગરપાલિકાની ચાલુ પાણીની લાઇન લીક થવાના કારણે ટાવર રોડ પર પાણી વહી રહ્યું રોડ પર પાણીના કારણે વાહનચાલકોને અવરજવર કરવામાં મુશ્કેલી સર્જાઈ પાણીની લાઈન લીક થવા છતાં સમયસર મરામત ન થતા રસ્તા પર પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ નગરપાલિકાની કામગીરી સામે સવાલો ઉઠ્યા હિંમતનગર શહેરના ટાવર રોડ પર પાણી ભરાવાની સમસ્યા સામે આવી

******************************************************************************************



# ગુજરાતના આ ગામમાં હોળીની 500 વર્ષ જૂની અનોખી પરંપરા! ધગધગતા અંગારા પર કોઈ દાઝતું નથી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલું મજરા ગામ આજે પણ પોતાની 500 વર્ષ જૂની અનોખી અને અડગ પરંપરાને કારણે સમગ્ર ગુજરાતમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. હોળીના પર્વે અહીં ભક્તિ, શ્રદ્ધા અને આસ્થાનો ત્રિવેણી સંગમ જોવા મળે છે, જ્યાં વિજ્ઞાન પણ નમતું જોખે તેવી ચમત્કારી ઘટનાઓ આજે પણ જીવંત છે. ભૈરવનાથના ચોકમાં બે હોળી પ્રગટાવવાની પરંપરામજરા ગામના સુપ્રસિદ્ધ ભૈરવનાથ મંદિરના ચોકમાં દર વર્ષે હોળીની રાત્રે એક વિશેષ વિધિ કરવામાં આવે છે. અહીં બે અલગ-અલગ હોળી પ્રગટાવવામાં આવે છે - એક લાકડાંની અને બીજી છાણાંની. જ્યારે લાકડાંની હોળી સળગીને લાલચોળ અંગારાઓમાં ફેરવાય છે, ત્યારે શ્રદ્ધાનો ખરો અંશ જોવા મળે છે. ગામના બાળકોથી લઈને વૃદ્ધો સુધીના ભક્તો આ ધગધગતા અંગારાઓ પર ખુલ્લા પગે ચાલે છે. આશ્ચર્યની વાત એ છે કે છેલ્લા પાંચ દાયકાથી ચાલતી આ પરંપરામાં હજુ સુધી એક પણ ભક્ત દાઝ્યો હોય તેવો બનાવ બન્યો નથી. ગ્રામજનો આ ચમત્કારને દાદા ભૈરવનાથની અસીમ કૃપા માને છે. સામાજિક અને ધાર્મિક રીત-રિવાજો મજરાની હોળી સાથે અનેક સામાજિક માન્યતાઓ જોડાયેલી છે. જેમ કે જે પરિવારમાં પુત્રનો જન્મ થયો હોય, તેને હોળીના પ્રથમ દર્શન કરાવવા અનિવાર્ય માનવામાં આવે છે. નવપરિણીત યુગલો હોળીની પ્રદક્ષિણા કરી સુખી દામ્પત્ય જીવનની કામના કરે છે. ખેડૂતો હોળીની જ્યોતમાંથી પૂળા પ્રગટાવી પોતાના ખેતર કે પશુઓ પાસે લઈ જાય છે, જેથી વર્ષ દરમિયાન સુખ-શાંતિ જળવાઈ રહે. ભક્તોનું ઘોડાપૂર અને ચુસ્ત બંદોબસ્ત આ અનોખા દ્રશ્યો નિહાળવા માટે માત્ર સાબરકાંઠા જ નહીં, પરંતુ મહેસાણા, અમદાવાદ, મોડાસા અને ગાંધીનગર જેવા શહેરોમાંથી પણ હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. ભક્તો હોળીને ધાણી, ખજૂર, શ્રીફળ અને કેરી અર્પણ કરી ધન્યતા અનુભવે છે. જનમેદનીને ધ્યાનમાં રાખીને પ્રાંતિજ પોલીસ સ્ટેશન દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવે છે જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. આમ, 500 વર્ષ જૂની આ પરંપરા આજે પણ મજરા ગામની એકતા અને સનાતન સંસ્કૃતિના જીવંત વારસા તરીકે અડીખમ ઊભી છે.



# રાજ્યમાં આગામી સાત દિવસ વાતાવરણ સૂકુ રહેશે, ઉકળાટ વધવાની શક્યતા

ગુજરાતમાં શિયાળાની વિદાય બાદ અંગ દઝાડતી ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ધોમધખતો તડકો લાગતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. હજી શરૂઆતમાં જ આટલી ગરમી છે તો આગામી દિવસોમાં કેટલી ગરમીનો અનુભવ થશે એ આગામી દિવસોમાં અહેસાસ થશે. ગુજરાતમાં શિયાળાની વિદાય બાદ અંગ દઝાડતી ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ધોમધખતો તડકો લાગતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. હજી શરૂઆતમાં જ આટલી ગરમી છે તો આગામી દિવસોમાં કેટલી ગરમીનો અનુભવ થશે એ આગામી દિવસોમાં અહેસાસ થશે. હવામાન વિભાગે રાજ્યમાં ગરમીમાં વધારો થવાની આગાહી કરી છે. પવનની દિશા બદલાતા રાજ્યમાં ગરમીમાં વધારો થશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી સાત દિવસ સુધી વાતાવરણ સુકૂ રહેશે.

# સાબરકાંઠા જિલ્લામાં હોળી-ધૂળેટી પર્વની ઉજવણીને લઈને બજારોમાં ભારે ચહલપહલ, રંગ-ગુલાલ અને પિચકારીની ખરીદી માટે લોકોની ઉમટી પડતી ભીડ, પોલીસ તંત્ર પણ સતર્ક







હિંમતનગર: સાબરકાંઠા જિલ્લામાં આવનારા હોળી અને ધૂળેટી પર્વને લઈને શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં હિંમતનગર, ઈડર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, વડાલી, પોશીના સહિતના વિસ્તારોમાં બજારોમાં છેલ્લા કેટલાક દિવસોથી ખરીદીનો માહોલ જામી ગયો છે. રંગ-ગુલાલ, અબીર, પિચકારી, પાણીના બલૂન, રંગીન ટોપી, માસ્ક તેમજ બાળકો માટેની વિવિધ આકર્ષક સામગ્રીની દુકાનો પર ગ્રાહકોની ભીડ ઉમટી રહી છે.બાળકો અને યુવાનોમાં ખાસ કરીને ધૂળેટીને લઈને વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નાના બાળકો માટે કાર્ટૂન આકારની પિચકારીઓ અને મોટા સાઈઝના વોટર ગન માટે માંગ વધી છે. વેપારીઓના જણાવ્યા મુજબ આ વર્ષે હર્બલ અને કુદરતી રંગોની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. લોકો કેમિકલવાળા રંગોથી દૂર રહી ત્વચાને નુકસાન ન થાય તે માટે સાવચેત બની સુરક્ષિત રંગોની પસંદગી કરી રહ્યા છે.જિલ્લાના વિવિધ ગામો અને સોસાયટીઓમાં હોળી દહન માટે પરંપરાગત રીતે લાકડાં, સૂકા ઝાડ-ઝાંખરા અને અન્ય સામગ્રી એકત્રિત કરવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. અનેક સ્થળોએ સામૂહિક હોળી દહન સાથે ધાર્મિક વિધિ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કેટલાક વિસ્તારોમાં લોકગીતો અને ભજન-કીર્તનના કાર્યક્રમો પણ યોજાનાર છે.હોળી પર્વને ધ્યાનમાં રાખીને મીઠાઈની દુકાનોમાં પણ ભારે ચહલપહલ જોવા મળી રહી છે. ગુજિયા, મઠરી, શક્કરપારા, લાડુ અને અન્ય મીઠાઈઓની માંગ વધી છે. લોકો પરિવારજનો અને મિત્રોને મીઠાઈ આપી શુભેચ્છા પાઠવવા માટે ખરીદી કરી રહ્યા છે.જિલ્લા પ્રશાસન અને પોલીસ તંત્ર દ્વારા પર્વ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ખાસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. મુખ્ય માર્ગો, ચોરાસ્થળો, બજારો અને સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. ટ્રાફિક વ્યવસ્થા સુચારુ રહે તે માટે પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે.પોલીસ અધિકારીઓ દ્વારા યુવાનોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પર્વની ઉજવણી શાંતિપૂર્ણ અને જવાબદારીપૂર્વક કરે. નશાની હાલતમાં વાહન ન ચલાવવા, અજાણ્યા વ્યક્તિઓ પર બળજબરીથી રંગ ન નાખવા અને કાયદાનો ભંગ ન કરવા સૂચના આપવામાં આવી છે. સાથે જ માતા-પિતાને પણ બાળકો પર નજર રાખવા અને સલામતીનું ધ્યાન રાખવા વિનંતી કરવામાં આવી છે.ગ્રામ્ય વિસ્તારોમાં પણ હોળી પર્વને લઈને ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગામડાંઓમાં પરંપરાગત રીતે હોળી દહન પછી લોકો એકબીજાના ઘરે જઈ શુભેચ્છા પાઠવે છે અને સામૂહિક ભોજનનું આયોજન પણ કરવામાં આવે છે. અનેક જગ્યાએ યુવાનો દ્વારા સ્વચ્છ અને સલામત હોળી ઉજવવા જાગૃતિ અભિયાન પણ હાથ ધરાયું છે.આ રીતે સાબરકાંઠા જિલ્લામાં હોળી-ધૂળેટી પર્વને લઈને આનંદ, ઉત્સાહ અને એકતાનો માહોલ છવાયો છે. લોકો હર્ષોલ્લાસ સાથે પર્વની ઉજવણી કરવા આતુર બન્યા છે, જ્યારે તંત્ર પણ સંપૂર્ણ સતર્કતા સાથે વ્યવસ્થા જાળવવા સજ્જ બન્યું છે.

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat 383430. Place of Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430.



# હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં કિન્નર સમાજના અગ્રણી દ્વારા દત્તક પુત્રનું જેમ પર્વ ઉજવ્યું

સામાન્ય રીતે દરેક સમાજમાં પરિવારમાં પ્રથમ સંતાન જન્મ્યા બાદ આવતી હોળી-ધૂળેટી વિશેષ આનંદ અને ઉત્સાહ સાથે ઉજવવાની પરંપરા છે. આ અવસરે પરિવારજનો દ્વારા જમણવારનું આયોજન કરી બાળકને કપડા, રમકડાં તેમજ દાગીના જેવી ભેટ-સોગાદ આપવામાં આવે છે. હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં રહેતા કિન્નર સમાજના અગ્રણી ઘરે ચાર મહિના પૂર્વે પુત્ર રત્નનો જન્મ થયો હતો. પુત્રની પ્રથમ હોળી નિમિત્તે સોમવારે તેમના નિવાસસ્થાને ધાર્મિક વિધિ સાથે ઉજવણી યોજાઈ હતી. માહિતી મુજબ, કિન્નર સમાજમાં હોળી-ધૂળેટી દરમિયાન લાલ રંગના વસ્ત્રો ધારણ કરવાની પરંપરા છે. તે મુજબ દંપતીએ પોતાના પુત્રને પણ પરંપરાગત વસ્ત્રોમાં સજાવી પરિવાર સાથે હોળી પર્વની ઉજવણી કરી હતી. પ્રસંગે પરિવારજનો અને સગા-સંબંધીઓ ઉપસ્થિત રહી બાળકને આશીર્વાદ આપ્યા હતા તથા ભેટ-સોગાદ અર્પણ કરી હતી. સમગ્ર કાર્યક્રમ સ્નેહ અને હર્ષોલ્લાસના માહોલમાં પૂર્ણ થયો હતો

# હિંમતનગરના મહાદેવપુરામાં યુવતી કુવામાં પડી



હિંમતનગરના મહાદેવપુરામાં યુવતી કુવામાં પડી ૪૦ ફૂટ જેટલા ઉંડા કૂવામાં પડી હતી યુવતી ફાયર ટીમે સ્થળ પર પહોંચી યુવતીને સલામત બહાર નીકાળી માનસીક અસંતુલન હોવાને લઈ યુવતી કૂવામાં પડી હોવાનું અનુમાન ફાયર ટીમે દોરડાની મદદથી કૂવામાંથી યુવતીને બહાર નીકાળી

# સાબરકાંઠા હિંમતનગરના રાજપુર પાટીયા નજીકથી યુવકની લાશ મળી



સાબરકાંઠા હિંમતનગરના રાજપુર પાટીયા નજીકથી યુવકની લાશ મળી રાજપુર એપ્રોચ રોડ નજીક ગરનાળામાં ભરાયેલા પાણીમાંથી મળી લાશ લાશ દેખાતા સ્થાનિકોએ પોલીસને જાણ કરતા તપાસ હાથ ધરી પ્રાથમિક તપાસ દરમિયાન યુવક ઈડરના જાદરનો હોવાની વિગત સામે આવી સ્થાનિક હિંમતનગર પોલીસે યુવકના મોતનું કારણ જાણવા તપાસ હાથ ધરી

# આજથી એક વર્ષ પૂર્વે વડાપ્રધાન મોદીએ વનતારાનું ઉદ્ઘાટન કર્યું હતું આજે વનતારા સ્થાપના દિન : વર્ષ દરમ્યાન અસંખ્ય પ્રાણીઓને ફરીથી સાજા કરીને જંગલમાં પરત મોકલ્યા




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્ઘાટન થયાના એક વર્ષની ઉજવણી કરતા, જામનગર સ્થિત વનતારાના સ્થાપના દિવસે, વનતારા એક વર્ષની આ અવિસ્મરણીય સફરને પ્રતિબિંબિત કરે છે, જે દરમિયાન તેણે વન્યજીવ બચાવ ઉપરાંત તેઓને અદ્યતન તબીબી સંભાળ અને વૈજ્ઞાનિક-ઢબે સંવર્ધન પૂરું પાડ્યું છે.અનંત મુકેશ અંબાણી દ્વારા સ્થાપિત, વનતારાએ બિગ કેટ્સ, સરિસૃપ, પ્રાઈમેટ, પક્ષીઓ તથા અન્ય સસ્તન પ્રાણીઓ સહિત વિવિધ પ્રજાતિઓના હજારો વન્યજીવોને બચાવ્યા બાદ સ્વસ્થ બનાવ્યા છે. ગત એક વર્ષમાં, વનતારાની પશુચિકિત્સા ટીમોએ વિવિધ જટિલ શસ્ત્રક્રિયાઓ હાથ ધરી છે અને વિવિધ પ્રાણીઓને તેમના કુદરતી આવાસમાં પુન:સ્થાપિત કર્યા છે, જ્યારે કેટલાક પ્રાણીઓને તો બચાવ, સારવાર અને સાજા કર્યા પછી જંગલમાં પાછા મોકલી આપ્યા છે.પોતાની કામગીરીના પ્રથમ વર્ષમાં, અનંત અંબાણીએ વન્યજીવન સંરક્ષણ અને સંવર્ધનમાં તેમના નોંધપાત્ર વૈશ્વિક યોગદાન બદલ પ્રતિષ્ઠિત ગ્લોબલ હ્યુમન એવોર્ડ મળ્યો છે, જે કરુણાપૂર્ણ, વિજ્ઞાન-આધારિત સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. EARAZA અને SEAZAની મેમ્બરશીપ, ગ્લોબલ હ્યુમન કન્ઝર્વેશન સર્ટિફિકેશન, તથા પ્રાણી મિત્ર એવોર્ડ 2005 થકી, વનતારાની કામગીરીને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ બિરદાવાઈ છે.આ તમામ પ્રશસ્તિઓ કરતા પણ, આ સંસ્થાએ હંમેશા લાંબા સમયની અસરને જન્માવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, અને સેંકડો પશુચિકિત્સકોને સંવર્ધન ઔષધિઓની તાલીમ આપવા, 50 થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નોલેજ-શેરિંગ કાર્યક્રમોનું આયોજન કરવાનું અને આગામી પેઢીના સંરક્ષણ ભેખધારીઓને પ્રેરણા આપવા રચાયેલા આઉટરીચ પ્રોગ્રામ હજારો હજારો બાળકોને વધુ સારું ભવિષ્ય પૂરું પાડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.છેલ્લા એક વર્ષમાં, વનતારાએ પ્રાણીઓને દુ:ખી અને શોષણકારી પરિસ્થિતિઓમાંથી ઉગાર્યા છે, જ્યારે લાકડા ઢસડવા, સર્કસ, સવારી અને ભીખ માંગવા જેવી પ્રવૃત્તિઓમાં રોકાયેલા 250થી વધુ હાથીઓને રેસ્ક્યુ કરીને વિશ્વ સ્તરીય પશુચિકિત્સા સંભાળ અને લાંબાગાળાની વિશેષ સહાયતા પૂરી પાડી છે. આમાંના ઘણા હાથીઓ સંધિવા તથા અન્ય વૃદ્ધાવસ્થા સંબંધિત બિમારીઓ સાથે જીવી રહ્યા છે. વનતારા ભીડભાડવાળી સુવિધાઓમાંથી બચાવેલા હજારો મગરોને પણ સતત સંભાળ પૂરી પાડે છે. સમગ્ર ભારત તેમજ વિશ્વભરમાંથી મળેલા સમર્થન સાથે, વનતારા કરુણા, કલ્યાણ અને વિજ્ઞાન પર આધારિત વૈશ્વિક સ્તરીય સંરક્ષણ મોડેલને આત્મસાત કરે છે.નેશનલ રેફરલ સેન્ટર ફોર વાઈલ્ડલાઈફ (વેસ્ટ ઝોન) તરીકે નિયુક્ત, વનતારાએ વન્યજીવ આરોગ્યને રોગની વ્યાપક દેખરેખ અને સંકલિત પ્રતિભાવ પ્રણાલિઓ સાથે એકીકૃત કરીને ભારતની વન્ય આરોગ્ય ઈકોસિસ્ટમને મજબૂત બનાવી છે. તેની વૈજ્ઞાનિક ઢબે સારવારની પ્રણાલિની મધ્યમાં વૈજ્ઞાનિક પ્રયોગશાળા અને 11 સેટેલાઈટ લેબોરેટરીઝનો સમાવેશ થાય છે, જેને 70 થી વધુ નિષ્ણાતો દ્વારા સપોર્ટ કરવામાં આવે છે અને દરરોજે 2,000થી વધુ ડાયગ્નોસ્ટિક નમૂનાઓ પર પ્રક્રિયા કરવામાં આવે છે, જેમાં બાયો-બેન્કિંગ, આગામી પેઢીના સિક્વન્સિંગ, મોલેક્યુલર ડાયગ્નોસ્ટિક્સ, પેથોલોજી, પેરાસિટોલોજી અને ટોક્સિકોલોજીનો સમાવેશ થાય છે.

# પોલીસની ખોટી ઓળખ આપી યુવકનું અપહરણ કરી લૂંટ : બે શખ્સોને હિંમતનગર પોલીસે ઝડપી પાડ્યા.

હિંમતનગર શહેરના ટાવર ચોક વિસ્તારમાં પોલીસની ખોટી ઓળખ આપી એક યુવકનું અપહરણ કરી તેની પાસે રહેલ મોબાઈલ તથા રોકડ રકમની લૂંટ ચલાવવાનો ગંભીર ગુનો પ્રકાશમાં આવ્યો છે. હિંમતનગર બી ડીવીઝન પોલીસે આ ગુનાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી બે આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે.ઘટનાની વિગત મુજબ, તા. ૦૧/૦૩/૨૦૨૬ ના રોજ મૂળ રાજસ્થાનના રહેવાસી અક્ષય કાંતિલાલ ખરાડી હિંમતનગર ટાવર ચોક પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન મોટરસાયકલ પર આવેલા બે ઇસમોએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી "તું કેમ ચોરીઓ કરે છે?" તેમ કહી યુવકને ડરાવી મોટરસાયકલ પર બેસાડી તેનું અપહરણ કર્યું હતું. આરોપીઓ તેને મહેતાપુરા હાથમતી નદીના ઢાળમાં લઈ ગયા હતા, જ્યાં તેને લાફા મારી તેની પાસેથી મોબાઈલ ફોન અને ખિસ્સામાં રહેલી રોકડ રકમની બળજબરીપૂર્વક લૂંટ કરી ફરાર થઈ ગયા હતા.આ ઘટના અંગે હિંમતનગર બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થતા, પોલીસ અધીક્ષક શ્રી ડો. પાર્થરાજસિંહ ગોહિલ સાહેબની સૂચનાથી તપાસ હાથ ધરવામાં આવી હતી. સરકારશ્રીના 'વિશ્વાસ પ્રોજેક્ટ' હેઠળ શહેરમાં લાગેલા CCTV કેમેરાના ફૂટેજ અને ખાનગી બાતમીદારોની મદદથી પોલીસે ગણતરી ના કલાકોમાં જ બંને આરોપીઓને પકડી પાડ્યા હતા. પકડાયેલ આરોપીઓ :૧. પ્રવિણ ભાઈ ઉર્ફે પુસીયો અશોકભાઈ ભાટ (રહે. ભાટ વાસ, હિંમતનગર)૨. દીપક કુમાર હસ મુખ ભાઈ ભાટ (રહે. ભાટ વાસ, હિંમત નગર) પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મુખ્ય આરોપી પ્રવિણભાઈ ઉર્ફે પુસીયો અગાઉ હિંમતનગર અને અમદાવાદમાં જુગાર, પ્રોહિબિશન અને મારામારી જેવા ૧૦ જેટલા ગુનાઓમાં સંડોવાયેલો છે અને અગાઉ 'પાસા' હેઠળ જેલવાસ પણ ભોગવી ચૂક્યો છે.

**************************************************************************************************************

# સાબરકાંઠાનું વડુ મથક હિંમતનગર બન્યું ગાંજાનું હબ

## સાબરકાંઠાનું વડુ મથક હિંમતનગર છેલ્લાં કેટલાય સમયથી એમડી ડ્રગ્સ અને ગાંજાનું હબ બની રહ્યુની શહેરીજનોમાં ચિંતારૂપી ચર્ચાઓ ચાલી રહી હતી

સાબરકાંઠાનું વડુ મથક હિંમતનગર છેલ્લાં કેટલાય સમયથી એમડી ડ્રગ્સ અને ગાંજાનું હબ બની રહ્યુની શહેરીજનોમાં ચિંતારૂપી ચર્ચાઓ ચાલી રહી હતી. તેવામાં જ શહેરના છાપરીયા વિસ્તારમાં આવેલા આવાસ યોજનાના બી બ્લોકના મકાન નંબર 19માં રહેતો એક યુવાન ગાંજા સાથે આવેલો છે તેવી બાતમીના આધારે એ ડિવીઝન પોલીસે પંચોને સાથે રાખીને 6 કિલો 413 ગ્રામ ગાંજો તથા મોબાઈલ મળીને કુલ 3.25 લાખનો મુદમાલ કબ્જે કરીને ઝડપાયેલ શખ્સ અને ગાંજો સપ્લાય કરનાર બે અન્ય વોન્ટેડ શખ્સો વિરુધ્ધ એન.ડી.પી.એસ. એક્ટ 1985ની કલમ 8(સી), 20(બી), 29 મુજબ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.સાબરકાંઠાના હિંમતનગર શહેરના અનેક પાનના ગલ્લાં ઉપર એમડી ડ્રગ્સ વેચાઈ રહ્યુ છે અને માંગો ત્યાં ગાંજાની ડિલીવરી પણ મળી રહી છે તેવા સમયે શહેરના એ ડિવીઝન પોલીસમાં ફરજ બજાવતાં મીતરાજસિંહને બાતમી મળી હતી કે, હડીયોલ પુલ છાપરીયા વિસ્તારમાં આવેલી સરકારી આવાસ યોજનાના બી બ્લોકના મકાન નંબર 19માં શંકર સલાટ નામનો 21 વર્ષીય શખ્સ પાસે ગાંજાનો જથ્થો છે.





## સાબરકાંઠા જિલ્લામાં પવિત્ર રમઝાન માસની ઉજવણી થઈ રહી છે : નાના વયે ઈબાદત પ્રત્યેનો ઉમંગ, પરિવારજનોમાં ખુશીની લાગણી

ઈડર તાલુકાના ગંભીરપુરા વિસ્તારમાં રહેતા મોહમ્મદ અરહાન રિયાઝખાન પઠાણે પવિત્ર રમઝાન માસ દરમિયાન રોજો રાખી ધાર્મિક લાગણી અને ઈબાદત પ્રત્યેનો ઉત્સાહ દર્શાવ્યો છે. નાના વયે રોજો રાખતા અરહાનને પરિવારજનો દ્વારા અભિનંદન પાઠવાયા હતા.પવિત્ર રમઝાન માસમાં મુસ્લિમ સમાજના લોકો રોજા રાખી નમાઝ અને ઈબાદત દ્વારા ખુદાની બંદગી કરી રહ્યા છે. ત્યારે બાળકોમાં પણ ધાર્મિક સંસ્કારો પ્રત્યે જાગૃતિ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.બાળકોમાં પણ રમઝાન માસની ઉજવણીનો ઉમંગ જોવા મળી રહ્યો છે. બાળકો પણ રોજા રાખી ખુદાની ઈબાદત કરી રહ્યા છે. નાના વયે રોજો રાખતા બાળકને પરિવારજનો અને સમાજજનોએ શુભેચ્છાઓ પાઠવી હતી. રમઝાન માસ દરમિયાન નાનાં બાળકોમાં પણ ધાર્મિક લાગણી અને ઈબાદત પ્રત્યેનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# સાબરકાંઠામાં આંગણવાડી કાર્યકરોનો વિરોધ ઓછા વેતનમાં વધુ કામ લેવાનો આક્ષેપ

**હિંમતનગર તાલુકા પંચાયત ખાતે રજૂઆત કરવામાં આવી : પોષણ ટ્રેકર એપ વારંવાર બંધ પડતી હોવાની ફરિયાદ : માંગણીઓ નહીં સંતોષાય તો ૫ માર્ચથી ઓનલાઈન બહિષ્કારની ચીમક**





આંગણવાડી કાર્યકરોએ વધતા કામના ભારણ સામે અવાજ ઉઠાવ્યો છે. પોષણ ટ્રેકર એપની સમસ્યા અને બિનઉપયોગી મોબાઈલ મુદ્દે તેમણે રજૂઆત કરી છે. હિંમતનગર ખાતે આંગણવાડી કાર્યકરો દ્વારા કામનું વધતું ભારણ ઘટાડવાની માંગ સાથે રજૂઆત કરવામાં આવી છે.સાબરકાંઠા જિલ્લાના આંગણવાડી કાર્યકરોએ હિંમતનગર તાલુકા પંચાયત ખાતે વિરોધ નોંધાવ્યો હતો. કાર્યકરોનો આક્ષેપ છે કે તેમને મળતા વેતન કરતાં ઘણું વધુ કામ લેવાઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૨માં સરકારે ઓનલાઈન કામગીરી માટે મોબાઈલ ફોન આપ્યા હતા, પરંતુ સતત ઉપયોગને કારણે હાલ ઘણા મોબાઈલ બિનઉપયોગી બની ગયા છે. પોષણ ટ્રેકર એપમાં રોજબરોજ અનેક વિગતો દાખલ કરવી પડે છે, પરંતુ એપ્લિકેશન વારંવાર બંધ પડી જતી હોવાથી અથવા યોગ્ય રીતે કાર્ય ન કરતી હોવાથી માહિતી દાખલ કરવામાં મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે. પરિણામે ગણતરીઓ પણ ચોક્કસ રીતે થતી નથી. વધારાની કામગીરીનું ભારણ ઘટાડવા કાર્યકરોએ તાજેતરમાં સીડિપીઓને લેખિત રજૂઆત કરી યોગ્ય પગલાં લેવા માંગ કરી છે. સાથે જ ચેતવણી આપી છે કે માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો તા. ૫ માર્ચથી ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરવામાં આવશે.

# નુરપુરાના વેપારીનો મોબાઈલ હેક કરી અજાણ્યા શખ્સે રૂા. ૩.૩૪ લાખનો ઉપાડ કરી લેતાં ફરીયાદ : મોબાઈલમાં એપીકે ફાઈલ મોકલી જાણ બહાર ટ્રાન્જેકશન કર્યું હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ.........

મોબાઈલના યુગમાં અનેક લોકો અજાણ્યા નંબરો પરથી અન્ય મોબાઈલ ધારકોને ખોટી ફાઈલ મોકલી મોબાઈલ ધારકની જાણ બહાર તેમના ખાતામાંથી રોકડ ઉપાડવા માટે મોબાઈલ હેક કર્યા પછી ટ્રાન્જેકશન કરી લેતાં હોવાની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે ત્યારે એક મહિના અગાઉ હિંમતનગર તાલુકાના નુરપુરા ગામના એક વેપારીને અજાણ્યા શખ્સે એપીકે ફાઈલ મોકલી મોબાઈલ હેક કરી દીધા બાદ અંદાજે રૂા. ૩.૩૪ લાખનો ઉપાડ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હોવાના આક્ષેપ સાથેની ફરીયાદ સોમવારે એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.આ અંગે નુરપુરા ગામના વેપારી અલ્ફાજભાઈ ઈલીયાસભાઈ બાવનએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૨૦ જાન્યુઆરીના રોજ તેઓ સહકારીજીન રોડ પર આવેલ એક દુકાન આગળ ઉભા હતા ત્યારે અજાણ્યા શખ્સે વેપારીના મોબાઈલમાં એપીકે ફાઈલ મોકલી હતી ત્યારબાદ આ વેપારીનો મોબાઈલ હેક કરી લીધો હતો. ત્યારબાદ બેંકના એકાઉન્ટ નં. ૯૯૯૦૭૮૭૪૧૬૩૯૯૮ માંથી વેપારીની જાણ બહાર રોકડનું ટ્રાન્જેકશન કરી દીધું હતુ.ત્યારબાદ આ રકમ બિહારની ચૌસા માધેપુરા બેંકની શાખામાંથી પિન્કીદેવીના નામના ધારકે નુરપુરાના વેપારીના ખાતામાંથી અંદાજે રૂા. ૩,૩૪,૮૯૯ નો ઉપાડ કરી લીધો હતો. ત્યારબાદ અલ્ફાજ બાવનને જાણ થતાં તેમણે બેંકમાં તપાસ કરી હતી અને તે આધારે સોમવારે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ હિંમતનગર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

*************************************************************************************************